# મંદારગિરિ

- આવાગમન................ : રેલ્વે સ્ટેશન : મંદાર હિલ - ૩ કિ.મી.,
  જસીડીહ (વૈજનાથધામ) - ૫૫ કિ.મી.
  બસ સ્ટેશન - બોંસી - ૧ કિ.મી.
- નજીકના મુખ્ય શહેર....... : ભાગલપુર - ૫૦ કિ.મી., બાંકા - ૧૫ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો......... : શ્રી સમ્મેદશિખરજી - ૨૨૫ કિ.મી.,
  ચંપાપુરી - ૫૦ કિ.મી., પાવાપુરી - ૨૫૦ કિ.મી.,
  રાજગૃહી - ૨૮૦ કિ.મી., ગુણાવા - ૨૨૫ કિ.મી.

ભાગલપુર શહેરથી લગભગ ૫૦ કિ.મી. દૂર મંદારગિરિ તીર્થક્ષેત્ર આવેલું છે. આ ક્ષેત્રથી પહાડ ૩ કિ.મી. દૂર છે. આ પહાડ લગભગ ૭૦૦ ફીટ ઊંચો પહાડ છે. ચંપાનગરીનું મનોહર ઉદ્યાન મંદારગિરિ પર્વત ઉપર આવેલું છે કે જ્યાં શ્રી વાસુપૂજ્ય ભગવાનનો દીક્ષાકલ્યાણક મહોત્સવ ઉજવાયો હતો અને આ જ ઉદ્યાનમાં તેઓશ્રીનો કેવળજ્ઞાનકલ્યાણક મહોત્સવ પણ ઉજવાયો હતો. ભાગલપુર શહેરથી ટ્રેઈન અને બસ-બંને મંદારગિરિ જાય છે. પર્વત તરફ જતાં આગળ એક દિગંબર જૈન મંદિર છે. આ મંદિરથી આગળ જતાં એક તળાવ છે કે જેને સૌ પાપહારિણી તળાવ તરીકે ઓળખે છે. ઘણા જૈનો તથા જૈનેતરો પાપથી પવિત્ર થવા આ તળાવમાં સ્નાન કરે છે. અહીં ઘણા પ્રાકૃતિક કુંડો પણ છે, જેને અન્ય ધર્મીઓ સીતાકુંડ, શંખકુંડ, વિગેરે નામથી ઓળખે છે. મંદારગિરિ પહાડ ઉપર લગભગ ૧ કિ.મી. જેટલું ચઢવાનું આવે છે. મંદારગિરિ પહાડ ઉપરથી શ્રી વાસુપૂજ્ય ભગવાન મોક્ષ પામ્યા છે. આ પહાડ ઉપર એક સુંદર અને દર્શનીય દિગંબર જૈન મંદિર આવેલું છે, જે ૧૦૦ વર્ષ ઉપરાંત જૂનું હશે તેમ કહે છે. આ મંદિરમાં શ્રી વાસુપૂજ્ય ભગવાનના પગલાં છે. આ મોટા મંદિરની બાજુમાં એક નાનુ શિખરબંધ મંદિર છે કે જેમાં શ્રી વાસુપૂજ્ય ભગવાનના પદ્માસન પ્રતિમાજી છે તથા ધાતુની એક ખડ્ગાસન પ્રતિમા છે. તે સિવાય બીજા પદ્માસન પ્રતિમાજી તથા પગલાં પણ છે.

મંદારગિરિ પહાડ ચઢવામાં તદ્દન સહેલો છે. ફક્ત ૨૦-૨૫ મિનિટમાં ચઢી જવાય છે.ચંપાપુરીથી મંદારગિરિ આશરે ૫૦ કિ.મી. દૂર છે. ચંપાપુરીથી પાવાપુરી ૨૫૦ કિ.મી. દૂર છે. રસ્તામાં નવાદા શહેર આવે છે. નવાદાથી આગળ જતાં ગુણાવા સિદ્ધક્ષેત્ર આવે છે. ગુણાવા શ્રી ગૌતમ પ્રભુનું નિર્વાણકલ્યાણક ધામ છે. અહીં એક નાનુ મંદિર છે અને બીજુ સામાન્ય જળમંદિર છે.

મંદારગિરિની તળેટીમાં એક નાનકડી ધર્મશાળા છે, જેમાં ૧૫-૨૦ રૂમો છે. તળેટીમાં સામેની બાજુ એક સુંદર મંદિર થયું છે, જેમાં મૂળનાયક શ્રી વાસુપૂજ્ય ભગવાનની પદ્માસન પ્રતિમા લગભગ ૪ ફીટની છે તથા ધાતુની એક પ્રતિમા છે. તેમજ ધાતુની એક ખડ્ગાસન પ્રતિમા પણ છે.